**મહે. એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં. મું. ગોંડલ.**

---

**ફોજદારી કેસ નં. ૧૯૨૬/૨૦૧૮**
**આંક:૧૨૫**

---

## FORM-A

| ગોંડલના મહે. એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં, મું. ગોંડલ. | |
|---|---|
| જજમેન્ટ તારીખ | ૦૬/૦૮/૨૦૨૬ |
| ચાર્જશીટ દાખલ/ નોંધ્યા કર્યા તારીખ | ૧૫/૧૧/૨૦૧૮ |
| ફોજદારી કેસ નંબર | ૧૯૨૬/૨૦૧૮ |
| ગુનાની કલમ | આઇ. પી. સી. કલમ–૪૫૪, ૪૫૭, ૪૨૭, ૧૪૩, ૧૪૭ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષે | વિ. એ. પી. પી. શ્રી એસ. એસ. ખરાડી. |
| આરોપી | (૧) ભગીરથસિંહ ગુમાનસિંહ જાડેજા,<br>(૨) શકિતસિંહ ગુમાનસિંહ જાડેજા,<br>(૩) ધર્મેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ જાડેજા,<br>(૪) હનુભા દિલુભા જાડેજા,(એબેટ)<br>(૫) ગુલાબસિંહ નટુભા જાડેજા,<br>બધા રહે. મું. મેસપર, તા. ગોંડલ, જી. રાજકોટ.<br>(૬) ગજેન્દ્રસિંહ વિક્રમસિંહ જાડેજા,<br>રહે. સુધરાઇ કોલોની, બ્રહ્માકુમારી સેન્ટરની બાજુમાં, ધોરાજી, જી. રાજકોટ.<br>મું. મેસપર, તા. ગોંડલ, જી. રાજકોટ. |
| બચાવપક્ષે | વિ. વ. શ્રી એન. જે. ઝાલા. |

## FORM-B

### – આરોપીની વિગત–

| | |
|---|---|
| આરોપીઓનું નામ | (૧) ભગીરથસિંહ ગુમાનસિંહ જાડેજા,<br>(૨) શકિતસિંહ ગુમાનસિંહ જાડેજા, |

| | |
|---|---|
| | (૩) ધર્મેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ જાડેજા,<br>(૪) હનુભા દિલુભા જાડેજા,(એબેટ)<br>(૫) ગુલાબસિંહ નટુભા જાડેજા,<br>(૬) ગજેન્દ્રસિંહ વિક્રમસિંહ જાડેજા, |
| ધરપકડની તારીખ | તા.૦૬/૦૭/૨૦૧૮ |
| જામીન મુકતીની તારીખ | તા.૦૬/૦૭/૨૦૧૮ |
| ગુનાની કલમ | આઇ. પી. સી. કલમ–૪૫૪, ૪૫૭, ૪૨૭, ૧૪૩, ૧૪૭ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ |
| શું નિર્દોષ છોડયા/સજા કરી | નિર્દોષ |
| કરવામાં આવેલ સજા | --- |
| ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો | --- |

## FORM-C

## –ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી–

## //મૌખીક પુરાવો//

| અનુ. નં. | નામ | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ કિશોરભાઈ કરમશીભાઈ ગુજરાતીની જુબાની | ૬૮ |
| ૨. | પંચ સાહેદ સંજયભાઈ જેરામભાઈ ગુજરાતીની જુબાની | ૭૦ |
| ૩. | પંચ સાહેદ વલ્લભભાઈ બાવનજીભાઈ ગોહેલની જુબાની | ૭૧ |
| ૪. | પંચ સાહેદ મુકેશભાઈ કેશુભાઈ ઝાલાની જુબાની | ૭૩ |
| ૫. | ફરીયાદી વર્ષાબા રાજેન્દ્રસિંહ જાડેજાની જુબાની | ૮૮ |

| | | |
|---|---|---|
| ૬. | સાહેદ મનહરસિંહ નરેન્દ્રસિંહ સરવૈયાની જુબાની | ૯૩(એ) |
| ૭. | સાહેદ જાનવીબા માધુભા જાડેજાની જુબાની | ૧૦૧ |
| ૮. | ત. ક. અ જયસુખભાઈ બીજલભાઈ મીઠાપરાની જુબાની | ૧૦૪ |
| ૯. | ત. ક. અ. અમિતભાઈ નવીનભાઈ વસાવાની જુબાની | ૧૧૬ |
| ૧૦. | ત. ક. અ અજયસિંહ વનરાજસિંહ જાડેજાની જુબાની | ૧૨૧ |

## //દસ્તાવેજી પુરાવો//

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફોટોગ્રાફસ(આંક–૫૧ ના દ. પુ. લીસ્ટથી રજુ થયેલ–૩૨ ફોટોગ્રાફસ) | માર્ક:૫૧/૧ |
| ૨. | પંચનામું | ૬૯ |
| ૩. | અટક પંચનામું | ૭૨ |
| ૪. | ફરીયાદ અંગેનો રીપોર્ટ | ૯૨ |
| ૫. | એફ. આઇ. આર | ૯૩ |
| ૬. | તપાસનો ડેપ્યુટ હુકમ | ૧૧૭ |
| ૭. | સ્ટેશન ડાયરીની નોંધ | ૧૧૮ |

## ::: ચુકાદો :::

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, તા.૧૨/૦૫/૨૦૧૮ ના રોજ કલાક ૧૬:૦૦ વાગ્યાથી તા.૧૭/૦૬/૨૦૧૮ ના કલાક ૧૪:૩૦ વાગ્યાના સમય દરમ્યાન કોઈપણ સમયે ફરીયાદીના પતિ તથા સાહેદના પતિ ઉપર આરોપીઓના સગા કુટુંબી નરેન્દ્રસિંહનું ખુન કરવાનો તેમજ અનિરૂધ્ધસિંહને મારી નાખવાની કોશિષ કરવાનો આરોપ હોય જેનો

રોષ રાખી તમામ આરોપીઓએ એકસંપ કરી ફરીયાદી તથા સાહેદોના મકાનના તાળા તોડી અંદર પ્રવેશ કરી પાવડાના લાકડાના હાથા જેવા હથીયારો વડે ઘરવખરીની તથા ખેત પેદાશોની ચીજવસ્તુનો સરસામાન તોડીફોડી નાખી આશરે કુલ રૂા.૨૩ લાખનું નુકશાન કરી મ્હે. જીલ્લા મેજી. સાહેબ રાજકોટના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી, ગુન્હો કરેલ હોય આરોપીઓ વીરૂદ્ધ ગોંડલ તાલુકા પો. સ્ટે. ફર્સ્ટ ગુ. રજી. નં. ૯૧/૨૦૧૮ થી આઇ. પી. સી. કલમ–૪૫૪, ૪૫૭, ૪૨૭, ૧૪૩, ૧૪૭ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ અને તે ફરીયાદ અન્વયે થયેલ તપાસના અંતે આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતા આરોપીઓ સામે ઈન્સાફી કાર્યવાહી થવા હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ ચાલુ ટ્રાયલ દરમ્યાન આ કામે આરોપી નં.૪ નું અવશાન થતા તેમની સામેનો હાલનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૨)** ત્યારબાદ, અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ થતા હાલના આરોપીઓને સમન્સની બજવણી કરતા આરોપી હાજર થયેલ છે. તેમજ સી. આર. પી. સી કલમ–૨૦૭ મુજબ આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપી, આંક:૫૯ થી તહોમતનામું ફરમાવી, આંક:૬૦ થી ૬૪ સુધી પ્લી રેકર્ડ કરતા ગુનાનો ઈન્કાર કરેલ જેથી આરોપીઓ સામે કેસ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદપક્ષનો રેકર્ડ ઉપરનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો લીધા બાદ આ કામના આરોપીઓનું સી. આર. પી. સી કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ ફરીયાદપક્ષના પુરાવાનો મહદઅંશે ઈન્કાર કરેલ છે. તેમજ તેઓ તેમના બચાવમાં જુબાની આપવા માંગતા નથી કે સાહેદ તપાસવા માંગતા નથી તેવુ જણાવેલ છે. તેમજ વીશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે.

**(૪)** ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રી તથા આરોપીઓ તરફે તેમના વિ. વ. શ્રીની દલીલો સાંભળવામાં આવેલ.

(૫) આ કામના ન્યાયીક નિર્ણય સારું નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

:: મુદ્દા ::

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૨/૦૫/૨૦૧૮ ના રોજ કલાક ૧૬:૦૦ વાગ્યાથી તા.૧૭/૦૬/૨૦૧૮ ના કલાક ૧૪:૩૦ વાગ્યાના સમય દરમ્યાન કોઈપણ સમયે ફરીયાદીના પતિ તથા સાહેદના પતિ ઉપર આરોપીઓના સગા કુટુંબી નરેન્દ્રસિંહનું ખુન કરવાનો તેમજ અનિરૂધ્ધસિંહને મારી નાખવાની કોશિષ કરવાનો આરોપ હોય જેનો રોષ રાખી તમામ આરોપીઓએ એકસંપ થઇ ગે. કા. મંડળી રચી ફરીયાદી તથા સાહેદોના મકાનના તાળા તોડી કેદની શીક્ષાને પાત્ર ગુનો કરવાના ઈરાદે ફરીયાદી તથા સાહેદોના મકાનમાં ગુપ્ત ગૃહ અપ-પ્રવેશ કરી પાવડાના લાકડાના હાથા જેવા હથીયારો વડે ઘરવખરીની તથા ખેત પેદાશોની ચીજવસ્તુનો સરસામાન તોડીફોડી નાખી આશરે કુલ રૂા.૨૩ લાખનું નુકશાન કરી મ્હે. જીલ્લા મેજી. સાહેબ રાજકોટના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ -૪૫૪, ૪૫૭, ૪૨૭, ૧૪૩, ૧૪૭ તથા જી. પી. એકટની કલમ-૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુનો આચરેલ છે?

(૨) શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

::કારણો::

**::મુદ્દા નં. ૧ અંગે ચર્ચા ::**

(૭.૧) આ કામે ફરીયાદપક્ષ તરફે પંચ સાહેદ કિશોરભાઈ કરમશીભાઈ

ગુજરાતીને આંક–૬૮ થી તથા પંચ સાહેદ સંજયભાઈ જેરામભાઈ ગુજરાતીને આંક–૭૦ થી તપાસવામાં આવેલ છે. જેમા આ પંચો માત્ર પંચનામામા પોતાની સહી ઓળખી બતાવે છે. જે આંક –૬૯ થી રજુ છે સહી કર્યા સીવાય કંઇ જાણતા નથી. તેઓની હાજરીમાં કોઇ બનાવવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ હોય તેવુ બનેલ નહી. તેમજ ફરીયાદપક્ષ દ્વારા સદરહું પંચોને હોસ્ટાઈલ જાહેર કરી અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા દેવા પરવાનગી માંગતા તેવી પરવાનગી આપવામાં આવેલી અને તે અનુસંધાને સદરહું પંચોની વિ. એ. પી. પી. શ્રી દ્વારા વિગતવારની ઉલટતપાસ કરવામા આવેલ છે તે દરમ્યાન પણ પંચનામાની હકિકતોને લેશમાત્ર સમર્થનકારી હકિકત રેકર્ડ પર આવેલ નથી.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામા સહી કરેલી તે સીવાય તેઓ કાંઇ જાણતા નથી.

**(૭.૨)** આ કામે ફરીયાદપક્ષ તરફે પંચ સાહેદ વલ્લભભાઈ બાવનજીભાઈ ગોહેલને આંક–૭૧ થી તથા પંચ સાહેદ મુકેશભાઈ કેશુભાઈ ઝાલાને આંક–૭૩ થી તપાસવામાં આવેલ છે. જેમા આ પંચો માત્ર પંચનામામા પોતાની સહી ઓળખી બતાવે છે. જે આંક–૭૨ થી અટક પંચનામું રજુ છે સહી કર્યા સીવાય કંઇ જાણતા નથી. તેઓની હાજરીમાં કોઇ અટક પંચનામું કરવામાં આવેલ હોય તેવુ બનેલ નહી. તેમજ ફરીયાદપક્ષ દ્વારા સદરહું પંચોને હોસ્ટાઈલ જાહેર કરી અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા દેવા પરવાનગી માંગતા તેવી પરવાનગી આપવામાં આવેલી અને તે અનુસંધાને સદરહું પંચોની વિ. એ. પી. પી. શ્રી દ્વારા વિગતવારની ઉલટતપાસ કરવામા આવેલ છે તે દરમ્યાન પણ પંચનામાની હકિકતોને લેશમાત્ર સમર્થનકારી હકિકત રેકર્ડ પર આવેલ નથી.

**(૭.3)** ફરીયાદપક્ષ તરફે આંક:૮૮ થી ફરીયાદી વર્ષાબા રાજેન્દ્રસિંહ જાડેજાને તપાસવામા આવેલ છે. તેમણે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ આરોપીઓને ઓળખે છે. તેઓ તેમના સગા થાય છે. દસ વર્ષ પહેલા

તેઓના પતિ તથા તેમના કુટુંબીઓ સાથે આરોપીઓ વચ્ચે ચુંટણી બાબતે મનદુખ ચાલતુ હતુ તેમાં નરેન્દ્રસિંહનું ખુન થયેલુ જેમા તેઓના કુટુંબીજનોના તેમણે આરોપી તરીકે નામ આપેલા જેમા તેમના પતિ રાજેન્દ્રસિંહ તથા તેમના દિયર માધુભા તથા તેમના દિયર મયુરસિંહ તથા દિયર ક્રિપાલસિંહ વિગેરેના નામ આરોપી તરીકે લખાવેલા તેઓને પોલીસે અટક કરતા તેઓને જેલમાં મોકલવામાં આવેલા. ત્યારબાદ તેમના મકાને તાળા મારી તેઓ તથા તેમના દેરાણીઓ સહીત તેમના પીયર જતા રહેલા. તા.૧૭/૦૬/૨૦૧૮ ના રોજ તેઓ તથા તેમના દેરાણી ધર્મીષ્ઠાબા તથા તેમના દેરાણી જાનવીબા તથા આરતીબા તથા તેમના બે કાકીજી સાસુ જનકબા તથા મનહરબા તેઓના ઘર મેસપર ગામે ગયેલા ત્યાં તેમના મકાનના તાળા તુટેલા હતા અને ત્યાં લુંટફાટ કરી વસ્તુઓ ચોરી ગયેલા હતા જેમા ૧૦૦ કોથળા માંડવી તેમના દિયર ક્રિપાલસિંહની તથા ત્યારબાદ હડમળીયા ગોડાઉન ખાતે તપાસ કરતા ત્યાંથી પણ ખાતર લઇ ગયેલા હતા. તેમના બધાના ઘરેથી ફ્રીજ, એસી, સોલાર, સેટી પલંગ તથા ઘરની તમામ વસ્તુઓ તથા ખેતીના ઓજારો લઇ ગયેલા હતા અને તેમના સાસુના પાંચ લાખ લઇ ગયેલા જે તેઓએ ફરીયાદમાં લખાવેલા નહી તથા તેમના દેરાણીનું ઘરેણુ પણ લઇ ગયેલા આ વસ્તુ ભગીરથસિંહ તથા શકિતસિંહ તથા ધર્મેન્દ્રસિંહ તથા ગુલાબસિંહ તથા ગજેન્દ્રસિંહ તથા ઘનુભા કે જેઓ ગુજરી ગયેલ છે તેઓ લઇ ગયેલા. ઘરની ઘરવખરી તોડી નાખેલ છે જેના તેઓએ ફોટા લેવડાવેલા. જે કોર્ટમા રજુ કરેલા અને આંક–૫૧ ના દ. પુ લીસ્ટથી રજુ થયેલા ફોટાઓ તે જ ફોટા હોવાનું ફરીયાદી ઓળખી બતાવે છે. જે આંક–૫૧ ના દ. પુ. લીસ્ટ સાથે રજુ થયેલા છે. તે તમામને માર્ક આપેલ હોવાનું જણાવેલ છે. વધુમાં આ કામે પોલીસ સ્ટેશન તરફથી આ ફરીયાદ મોકલ્યા બાબતનો રીપોર્ટ આવેલ છે જે રીપોર્ટ આંક–૯૨ થી રજુ થયેલ છે. તેઓએ જે ફરીયાદ આપેલી તેની એફ. આઇ. આર તેઓને બતાવવામાં આવે છે જે તેઓએ ફરીયાદ આપેલી તે જ હકિકત વાળી છે જે આંક–૯૩ થી રજુ થયેલ છે. તેઓને તથા તેમના કુટુંબીજનોના મકાનોમાં ચોરી અને તોડફોડ કરેલ હતી અને એ રીતે નુકશાન પણ કરેલ હતુ. આ કામના આરોપીઓએ જ આ ચોરી અને તોડફોડનું નુકશાન કરેલુ. ફરીયાદીની સરતપાસ દરમ્યાન ફોટોગ્રાફસને આંક–૫૧ વાળા દ. પુ.

લીસ્ટના ફોટોગ્રાફસને માર્ક આપવાનો ઉલ્લેખ જુબાનીમાં કરવામાં આવેલ છે. પરંતુ તેને માર્ક પડેલ ન હોય તેને માર્ક:૫૧/૧ પાછળથી આપવામાં આવેલ છે.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના પતિએ તેમના ગામના નરેન્દ્રસિંહનુ ખુન કરેલુ જે કામે તેમને ગોંડલની અદાલતે સજા કરેલી છે અને હાલ તે જેલમાં છે. તેમને એ વાતની ખબર નથી કે, આ જ ખુનના કામે અન્ય ઈજા પામનાર તરીકે અનીરૂધ્ધસિંહ વનરાજસિંહનાઓના હતા. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, આ ખુનનો બનાવ બનતા તેઓ પરીવાર સાથે ગામ મુકી જતા રહેલા. તેઓ છેલ્લા સાતેક વર્ષથી મેસપર ગામે ગયેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓ મેસપર ગામે ગયેલા ત્યારે તેમનુ મકાન તથા ઘરવખરી તુટેલી હાલતમાં હતા તથા અમુક વસ્તુ ચોરાય ગયેલી હતી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, આ જે નુકશાન થયેલ છે તે તેઓએ નજરો નજર જોયેલ નથી. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ શંકાના આધારે આરોપીઓના નામ ફરીયાદમાં જણાવેલ. એ વાત ખરી નથી કે મે ફરીયાદમા શકમંદ તરીકે ત્રણજ આરોપીઓન નામ જણાવેલા છે. એ વાત ખરી છે કે મે એફઆઈઆર મા શકમંદ તરીકે મરણ જનાર નરેન્દ્રસિંહ નુ નામ જણાવેલ છે. એ વાત ખરી છે કે મે પોલીસને જે પ્રમાણે લખાવેલ તેમ નહી લખીને પોલીસે બધુ ફેરવી નાખેલ. એ વાત ખરી નથી કે મે હાલની આ ફરીયાદ રાગદેશ પુર્વક બદલાના ભાગ સ્વરૂપે આપેલ છે. એ વાત ખરી છે કે મારા પતીએ જે વ્યકિત ને માથામા ધારીય મારવામા આવેલ તે અનીરુધ્ધસિંહનુ નામ પણ મે ફરીયાદમાં જણાવેલ છે. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ ફરીયાદમાં શકમંદ તરીકે ત્રણજ આરોપીઓના નામ જણાવેલા છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ એફ. આઈ. આરમાં શકમંદ તરીકે મરણજનાર નરેન્દ્રસિંહનું નામ જણાવેલ છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ પોલીસને જે પ્રમાણે લખાવેલ તેમ નહી લખીને પોલીસે બધુ ફેરવી નાખેલ. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ હાલની આ ફરીયાદ રાગદ્વેશ પુર્વક બદલાના ભાગ સ્વરૂપે આપેલ છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓના પતિએ જે વ્યકિતને માથામા ધારીયુ મારવામાં આવેલ તે અનીરૂધ્ધસિંહનું

નામ પણ તેઓએ ફરીયાદમાં જણાવેલ છે. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ તેમની ફરીયાદમા ભગીરથસિંહ, શકિતસિંહ, ધર્મેન્દ્રસિંહ, હનુભા, ગુલાબસિંહ નાઓના નામ તેઓએ લખાવેલા નથી. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ તેમની ફરીયાદમા ઉપરોકત આરોપીઓના નામ શંકાના આધારે લખાવ્યા છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની ફરીયાદમા તેઓએ બનાવના કોઈ નજરે જોનાર સાહેદ હોય તો તેવુ જણાવેલ નથી. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ તેમની ફરીયાદમા તેઓની કોઈ મિલ્કત ચોરી થઈ હોય તેવુ લખાવેલ નથી. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ તેમની મિલ્કતને થયેલ નુકશાન અંગેનો કોઈ આધાર પુરાવો પોલીસને આપેલ નથી. સાહેદ જણાવે છે કે ફોટા આપેલા. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ચોરીનો માલ કબ્જે લીધેલ હોય અને તેઓને ઓળખ માટે બતાવેલ હોય તેવુ બનેલ નથી. તેમને એ વાતની ખબર નથી કે, હાલના કેસના આરોપીઓ મરણજનાર નરેન્દ્રસિંહના ખુન કેસના સાક્ષીઓ છે. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ ફરીયાદમા આરોપીઓના નામ તેમના પતી રાજેન્દ્રસિંહના કહેવાથી લખાવેલા છે. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ ફરીયાદમા ફોટોગ્રાફ તેમની હાજરીમા લેવામાં આવેલું તેવુ લખાવેલ નથી.

**(૭.૪)** ફરીયાદપક્ષ તરફે આંક-૯૩(એ) થી સાહેદ મનહરસિંહ નરેન્દ્રસિંહ સરવૈયાને તપાસવામાં આવેલા છે. તેમણે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ આરોપીઓને ઓળખતા નથી મેસપર તેમના સસરાનું ગામ છે તેમના સસરાના ગામમા નરેન્દ્રસિંહ રાજુભાનુ ખુન થયેલુ તેમા તેમના સાળા રાજેન્દ્રસિંહ, ક્રિપાલસિંહ તથા અન્ય વ્યકિતઓ સામે ગુનો દાખલ થયેલો તે તેઓ જાણે છે તે સીવાય બીજુ કાંઇ જાણતા નથી આ તેમના સાળાના કુટુંબીજનો ખુબ થયા બાદ ગામ છોડી જતા રહેલા તેમના ઘરે કોઇ તોડફોડ કે ચોરી થયેલ હોય તો તે બાબતે તેઓ કાઇ જાણતા નથી કે કાઇ તેમને જાણવા મળેલ નથી પોલીસે તેમનુ નીવેદન લીધેલ નહી. તેઓ વર્ષાબાને ઓળખે છે તેઓ સાથે તેઓ પોલીસ સ્ટેશને કોઇ ફરીયાદ લખાવવા સાથે ગયેલ હોય તેવુ બનેલ નથી. તેમજ ફરીયાદપક્ષ દ્વારા સદરહું સાહેદ હોસ્ટાઈલ જાહેર કરી અને

ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા દેવા પરવાનગી માંગતા તેવી પરવાનગી આપવામાં આવેલી અને તે અનુસંધાને સદરહું સાહેદની વિ. એ. પી. પી. શ્રી દ્વારા વિગતવારની ઉલટતપાસ કરવામા આવેલ છે તે દરમ્યાન પણ તેમના નીવેદનની હકિકતોને લેશમાત્ર સમર્થનકારી હકિકત રેકર્ડ પર આવેલ નથી.

બચાવપક્ષ તરફે ઉલટતપાસ માટે વિ. વ. શ્રીનો વારંવાર પોકાર કરવામાં આવેલ છતા હાજર રહેલ ન હોવાથી ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૭.૫)** ફરીયાદપક્ષ તરફે આંક:૧૦૧ થી સાહેદ જાનવીબા માધુભા જાડેજાને તપાસવામા આવેલ છે. તેમણે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ઘરકામ કરે છે. આ કામના ફરીયાદી વર્ષાબા વા/ઓ રાજેન્દ્રસિંહ જટુભા જાડેજા તેમના જેઠાણી થાય છે. સને ૨૦૧૮ ની સાલમાં શુ બનાવ બન્યો તેની તેમને ખબર નથી ત્યારે તેઓ તેમના માતાના ઘરે હતા. બનાવ સમયે તેમના ઘરમાં તેમના દેરાણી ધર્મિષ્ઠાબેનના દાગીના ચોરી થઇ ગયેલા હતા. તે ફ્રીજ ઉપર પડેલા હતા. બીજા ઘરમાં શુ ચોરી થયેલ તેની તેમને ખબર નથી. તેમના પતિના રૂા.૧,૦૦,૦૦૦/– ચોરી થઇ ગયેલા તથા ઘરઘંટી ચોરી થઇ ગયેલ છે અને બીજી વસ્તુ તોડી નાખેલ હતી. આ ચોરી તથા તોડફોડ અંદાજીત રૂા.૫૦,૦૦,૦૦૦/– જેટલી નુકશાની થયેલી. આ ચોરી તથા તોડફોડ કરનાર રવિરાજસિંહ, બ્રીજરાજસિંહ તથા શકિતસિંહ હતા તેવુ તેમને જાણવા મળેલ. બનાવ બાબતે પોલીસે તેમની પુછપરછ કરેલી નહી. જનકબા તેમના કાકીજી થાય છે જેઓ ઘણી ઉમરના હોય તેથી તે જુબાની આપવા આવી શકે તેમ નથી.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, આ કામની ફરીયાદ તેઓએ લખાવેલી. તેમના સિવાય અન્ય કોઇ વ્યકિતએ ફરીયાદ આપેલી હોય તેવુ બનેલ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે તેઓને તથા અન્ય ઘરમાં ચોરી તથા તોડફોડનો બનાવ બન્યો ત્યારે તેઓ કોઇ ઘરે ન હતા બહારગામ હતા. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, રવિરાજસિંહ, બ્રીજરાજસિંહ તથા શકિતસિંહ શંકાના આધારે આપેલા. એ

હકિકતનો ઈન્કાર કરેલ છે કે, ઉપરોકત ત્રણેય ઈસમ સિવાય અન્ય કોઈ વ્યકિત ઉપર શંકા ન હતી. તેમને એ વાતની ખબર નથી કે, તેમના પતિએ તેમના ગામના કુટુંબી નરેન્દ્રસિંહનુ ખુન કરેલ હોય તેની સામે કેસ ચાલી જતા આજીવન કેદની સજા થયેલ છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ગુજ. નરેન્દ્રસિંહના બ્રીજરાજસિંહ તથા રવિરાજસિંહના સગા થાય છે. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, ખુન કેસના બનાવનો વેરભાવ રાખી હાલના કામે ખોટી ફરીયાદ આપેલી.

**(૭.૬)** ફરીયાદપક્ષ તરફે આંક:૧૦૪ થી ત. ક. અ જયસુખભાઈ બીજલભાઈ મીઠાપરાને તપાસવામા આવેલ છે. તેમણે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, જુન ૨૦૧૮ માં પો.સ.ઈ. તરીકે ગોંડલ સીટી પોલીસ સ્ટેશનમાંથી ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન થાણા અધિકારી તરીકે બદલી થતા તા. ૨૦/૦૬/૨૦૧૮ ના રોજ પ્રોબેશનલ આઇ.પી.એસ. અમીતભાઇ વસાવા સાહેબ પાસેથી ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન થાણા અધિકારીનો ચાર્જ સંભાળેલ તે દરમ્યાન તેમના હાથ પર રહેલ તપાસો તેમને સોંપતા તેઓએ સંભાળી જેમાં તેઓને ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી નં. ૯૧/૨૦૧૮ આઇ. પી.સી. કલમ ૪૫૪, ૪૫૭, ૪૨૭, ૧૧૪, મુજબના ગુનાની તપાસ તેઓને તપાસ અર્થે મળેલ જે તપાસ તેઓએ સંભાળી લીધેલી અને તા.૦૬/૦૭/૨૦૧૮ ના રોજ આ કામના આરોપીઓ ગજેન્દ્રસિંહ વિક્રમસિંહ જાડેજાનું શરીર સ્થિતિનું પંચનામુ કરી મજકુરે બનાવમાં ઉપયોગ કરેલ હથિયાર પાવડાનો લાકડાનો હાથો પંચનામાની વિગતે કબજે લીધેલ તેમજ આ કામના અન્ય આરોપી ભગીરથસિંહ ગુમાનસિંહ જાડેજા તથા હનુંભા દીલુભા જાડેજા તથા ધર્મેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ જાડેજા તથા ગુલાબસિંહ નટુભા જાડેજા અને શકિતસિંહ ગુમાનસિંહ જાડેજાનાઓની પંચનામાની વિગતે કબજે કરેલ તેમજ શકિતસિંહ ગુમાનસિંહ જાડેજાઓએ બનાવમાં ઉપયોગ કરેલ હથિયાર પાવડાનો લાકડાનો હાથો રજુ કરતા પંચનામાની વિગતે કબજે કરેલ જે આંક:૭૨ વાળુ બતાવામાં આવે છે તેમાં તેમની સહી છે. આ સિવાય અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી. તેમની બદલી થતા આગળની તપાસ એ.વી.જાડેજાએ સંભાળી લીધેલ.

બચવાપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તપાસ સંભાળી તે વખતે તેમના અગાઉના અધિકારીશ્રીએ કરેલી તપાસના કાગળો તેઓએ વંચાણે લીધેલા. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની પાસે તપાસ રહી ત્યાં સુધી બનાવ નજરે જોનાર સાહેદો મળી આવેલા નહી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ કોઈ સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામમાં આરોપીને અટક કર્યા સિવાય અન્ય કોઇ કાર્યવાહી કરેલ નથી.

**(૭.૭)** ફરીયાદપક્ષ તરફે આંક:૧૧૬ થી ત. ક. અ અમિતભાઈ નવીનભાઈ વસાવાને તપાસવામા આવેલ છે. તેમણે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૮/૦૬/૨૦૧૮ ના રોજ તેઓ ગોંડલ તાલુકા પો.સ્ટેમાં ફરજ બજાવતા હતા ત્યારે આ કામના ફરીયાદી વર્ષાબા રાજેન્દ્રસિંહ જાડેજાએ સદરહુ કામના આરોપી વિરૂધ્ધ પો.સ્ટે. રૂબરૂ આવી તેમની સમક્ષ ફરીયાદ જાહેર કરતા તેમની રૂબરૂ ફરીયાદ લીધેલી ત્યારબાદ પી.એસ.ઓ. બી.એસ. ઝાલા આગળની તપાસનો ડેપ્યુટ હુકમ કરેલો જે ડેપ્યુટ હુકમ આંક-૧૧૭ થી રજુ થયેલ છે. જે ડેપ્યુટ હુકમના આધારે આગળની કામગીરી સંભાળી લીધેલી. સદરહુ ગુનાના કામે સ્થાનિક જગ્યાનું પંચનામુ કરેલુ. સાહેદ નં. ૬ મનહરસિંહ સરવૈયા સાહેદ ૭ જનકબા વા/ઓ અજીતસિંહ સાહેદ નં. ૮ જાનવીબા વા/ઓ માધુભા નાઓના નિવેદનો નોંધેલા ત્યારબાદ આગળની તપાસ જે.બી. મીઠાપરાએ સંભાળી આરોપીને અટક કરી સ્ટે ડાયરીમાં નોંધ કરેલ જે સ્ટે ડાયરી નોંધ આંક-૧૧૮ થી રજુ થયેલ છે. ત્યારબાદ તમામ આરોપીના આધાર કાર્ડની નકલ મેળવેલી.

બચવાપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની રૂબરૂની ફરીયાદમાં કોઈ નજરે જોનાર સાહેદ હોય તેવું જણાય આવેલ નહી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ચાર્જશીટમાં જણાવેલ આરોપી નં. ૧ થી ૫ ના નામ મુળ ફરીયાદમાં ન હતા. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી અનિરૂધ્ધસિંહ વનરાજસિંહને ચાર્જશીટમાં આરોપી તરીકે દર્શાવેલ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના ફરીયાદીના પતિ અને તેના દિકરા તથા કુટુંબના અન્ય સભ્યો વિરુધ્ધ ખુન

જેવા ગંભીર જેવા ગુનાની ફરીયાદ નોંધાયેલ હતી જે કામની તપાસ તેઓ કરી રહેલા હતા. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, સદરહુ ખુનના ગુનામાં ગજેન્દ્રસિંહ વિક્રમસિંહ ફરીયાદી હતા મરણજનાર નરેન્દ્રસિંહ ભોગબનાર હતા તથા અનિરૂધ્ધસિંહ વનરાજસિહં મુખ્ય નજરે જોનાર ઈજા પામનાર હતા. એ તેઓ કહી શકે નહી કે, હાલના ગુનાની ફરીયાદ રાગદેહના ભાગ રૂપે નોંધવામાં આવેલી હતી કે કેમ? એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની તપાસ દરમ્યાન મિલકતમાં પ્રવેશ કરનાર, નુકશાન કરનારા વ્યકિતઓ નજરે જોનાર કોઈ સાક્ષી મળી આવેલા નહી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદી તેમની રૂબરૂની ફરીયાદમાં આરોપીના નામ શંકાને આધારે જણાવેલા. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ખુનનો બનાવ બન્યા બાદ આ કામના ફરીયાદી અને તેમનો પરિવાર ગામ મુકીને જતા રહેલા હતા. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીઓને હાલના ગુનાના કામે ખોટી ફરીયાદ નોંધી ખોટી રીતે સંડોવેલ છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, આ ગુનાના કામે તેઓએ કોઈ આરોપીને અટક કરેલ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની તપાસ દરમ્યાન તેઓએ કોઈ મુદામાલ કબજે કરેલ નથી.

(૭.૮) ફરીયાદપક્ષ તરફે આંક:૧૨૧ થી ત. ક. અ અજયસિંહ વનરાજસિંહ જાડેજાને તપાસવામા આવેલ છે. તેમણે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ આટકોટ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. ત્યારબાદ તેમની બદલી ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં થતા હાલના ગુનાની તપાસ પુર્ણ થઇ ગયેલ હોય અને માત્ર ચાર્જશીટ રજુ કરવાનું બાકી હોય જેથી તેઓએ અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ.

બચવાપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ આ કામે ચાર્જશીટ કરેલ તે સીવાય બીજી કોઇ કામગીરી કરેલ નથી.

(૮) આમ, ઉપરોકત ફરીયાદપક્ષ તરફે રજુ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ભોગબનનાર ફરીયાદી તથા સાહેદ બનાવ બનતા નજરે જોનાર સાહેદો નથી. ફરીયાદીએ પોતાની સરતપાસમાં આરોપીઓએ તેઓના

ઘરમાં ઘરવખરીના સામાનને નુકશાન કરેલ તથા ઘરમાં લુંટાફાટ કરી વસ્તુઓ ચોરી કરી લઈ ગયેલાની હકિકતો જણાવે છે તથા આંક–૫૧ ના દ. પુ લીસ્ટથી માર્ક:૫૧/૧ થી ફોટોગ્રાફ્સ રજુ કરેલા છે. પરંતુ આ કામે આરોપીઓ પાસેથી ભોગબનનાર ફરીયાદી કે સાહેદોની કોઇ ચીજવસ્તુ રીકવર થયેલ હોય, તે અંગે કોઇ પંચનામું થયેલ હોય, તેવી કોઇ હકિકત રેકર્ડ પર આવેલ નથી. સ્થાનીક જગ્યાના પંચો પણ હોસ્ટાઇલ જાહેર થયેલા છે. ભોગબનનાર ફરીયાદી તથા સાહેદોએ બનાવ બનતા નજરે જોયેલ નથી, જે હકિકતોને ત. ક. અશ્રીની ઉલટતપાસમાં પણ સમર્થન મળે છે. આંક–૧૧૬ થી ત. ક. અશ્રી અમિતભાઈ નવીનભાઈ વસાવાએ પોતાની ઉલટતપાસમાં એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની તપાસ દરમ્યાન મિલકતમાં પ્રવેશ કરનાર, નુકશાન કરનારા વ્યકિતઓ નજરે જોનાર કોઈ સાક્ષી મળી આવેલા નહી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદી તેમની રૂબરૂની ફરીયાદમાં આરોપીના નામ શંકાને આધારે જણાવેલા. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ખુનનો બનાવ બન્યા બાદ આ કામના ફરીયાદી અને તેમનો પરિવાર ગામ મુકીને જતા રહેલા હતા. જે હકિકતો ધ્યાને લેતા બનાવ બનતા નજરે જોયેલ હોય તેવા કોઇ સાક્ષીની જુબાનીથી બનાવની હકિકતને સમર્થન મળતુ નથી. સાહેદ મનહરસિંહ નરેન્દ્રસિંહ સરવૈયા હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને બનાવની હકિકતોને સમર્થન કરેલ નથી. ફરીયાદીની જુબાની દરમ્યાન માર્ક:૫૧/૧ થી જે ફોટોગ્રાફ્સ રજુ થયેલા છે તે ફોટોગ્રાફ્સ નુકશાન થયેલ ઘરવખરીના સામાનના છે. પરંતુ તે દસ્તાવેજોને આંક પડેલ નથી કે તે દસ્તાવેજો ભારતીય પુરાવા અધિનીયમ મુજબ સાબીત થયેલ નથી, તેવા સમયે તે ફોટોગ્રાફ્સ ધ્યાને લઇ શકાય નહી. આમ, આરોપીઓ વીરૂદ્ધનો કોઇ સીધો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય, તેવા સમયે આરોપીઓને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૯) આમ, ફોજદારી કાર્યવાહીના સીદ્ધાંત મુજબ ફરીયાદપક્ષે તેમનો કેસ તમામ શંકાઓથી પર સાબીત કરવાનો રહે છે. તેમજ ફરીયાદપક્ષના કેસમાં સહેજ પણ શંકા ઉપસ્થિત થાય તો તેનો લાભ આરોપીને મળે. આમ, ફરીયાદપક્ષ તરફે રજુ પુરાવાઓથી હાલના આરોપીઓ સામે આક્ષેપાયેલ

તહોમત મુજબનો ગુનો આચરેલ હોય તેવુ નિ:શંકપણે પુરવાર થતુ ન હોય, જેથી પુરાવાના અભાવે મુદ્દા નં. ૧ નો નિર્ણય ''નકારમાં'' આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો ''આખરી હુકમ'' કરવામાં આવે છે.

**//આખરી હુકમ//**

**(૧)** આ કામના આરોપી નં.(૧) ભગીરથસિંહ ગુમાનસિંહ જાડેજા, (૨) શકિતસિંહ ગુમાનસિંહ જાડેજા, (૩) ધર્મેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ જાડેજા, (૫) ગુલાબસિંહ નટુભા જાડેજા, (૬) ગજેન્દ્રસિંહ વિક્રમસિંહ જાડેજા નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઇ. પી. કોડની કલમ–૪૫૪, ૪૫૭, ૪૨૭, ૧૪૩, ૧૪૭ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** અપીલ સમય વિત્યેથી કબજે લેવાયેલ મુદ્દામાલ પાવડાના હાથાઓનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામના પ્રત્યેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમયના રૂા.૧૦,૦૦૦/– ના સધ્ધર જામીન રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા: ૦૬ ઠ્ઠી, માહે: ઓગષ્ટ, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ગોંડલ.
તારીખ :૦૬/૦૮/૨૦૨૬

**(શક્તિસિંહ ઘનશ્યામભાઇ ચાંચુ)**
એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ગોંડલ. (GJ00885)